# મેં માન્યા એ મારા નિયમો, તું ધારે એ તારો ધારો!

સ્પંદન

નિરંજન યાજ્ઞિક

ઠીક ઠીક મોટા એવા વ્યારા ગામમાં વ્યારા ફોર્ટથી થોડે આગળ મેઈન રોડ પર જ અંબાલાલ શેઠની મીઠાઈની દુકાન હતી. નામ હતું - અંબે સ્વીટ્સ!

દુકાનમાં જમાવટ હતી. જાત જાતની મીઠાઈઓ બનતી, ફરસાણ બનતા, ગરમાગરમ વાનગીઓ પણ બનતી અને બધ્ધાના ગ્રાહક પણ તૈયાર જ હતા. લોકો દૂર દૂરથી એમની દુકાનનાં ભજિયાં ખાવા વહેલી સવારથી આવી જતા!

અંબાલાલ પોતે તો કારીગર હતા જ પણ એમના બીજા બે કારીગરો દુકાનની બધી જ મીઠાઈ અને ફરસાણ બનાવવામાં હોંશિયાર હતા.

હા, દુકાન સંભાળવા માટે અંબાલાલનો નાનો દીકરો રમેશ સવારે જમીને હાજર થઈ જતો. એણે ગ્રેજ્યુએશન પૂરું કરી નાખ્યું હતું અને હવે એ પિતાજીને દુકાનમાં મદદ કરતો. જો કે એની ગલ્લો સંભાળવાની આવડત પણ અજબ હતી.

અંબાલાલનો મોટો દીકરો દિનેશ પણ ગ્રેજ્યુએટ થયેલો હતો પણ માનસિક ડાયાબિટીઝના લીધે એને મીઠાઈ બહુ ગમતી નહીં એટલે એ દુકાને ભાગ્યે જ જતો. આમ પણ એનો પોતાનો ધંધો વ્યારામાં જ એણે શરૂ કરેલો અને એ પણ કાપડનો.

સુરતથી એને ત્યાં કાપડનાં પાર્સલ આવતાં ને એને ગ્રાહકના ગળે વળગાડવામાં દિનેશની માસ્ટરી હતી.

અંબાલાલભાઈનું ઘર સાંઈમંદિર પાસે હતું અને દુકાનથી બહુ દૂર નહોતું એટલે બપોરે જમવા માટે એ ચાલતા જ ઘેર જતા. જમીને એકાદ કલાકની ઊંઘ ખેંચીને એ પાછા દુકાને આવતા.

રમેશ તો સવારે જમીને જ દુકાને આવતો અને છેક સાંજે દુકાન વધાવીને અંબાલાલ સાથે જ એ ઘેર જતો.

બન્ને ઘેર પહોંચે એટલે દિનેશને પત્ની સ્મિતા પાણીના ગ્લાસ લઈને હાજર થઈ જતી. એ પછી તરત જ એ ચા લઈને આવી જતી.

અંબાલાલની પત્ની છાયા એ સમયે રસોડામાં જ હોય. એના કંઠમાંથી કોઈ ફિલ્મી ગીત સરકતું હોય. બન્ને ચા પી લે એટલી વારમાં તો દિનેશ પણ દુકાનેથી આવી જતો. ફળિયામાં ગાડી મૂકીને એ સીધો રમેશ અને અંબાલાલની પાસે બેસી જતો. પછી ત્રણેની ધંધાની વાતો ચાલતી. સ્મિતા પાણી અને ચા દિનેશને આપતી હોય એ વખતે જ રસોઈમાંથી છાયાની બૂમ આવતી - એ હવે જલ્દી કપડાં બદલી લો, જમવાનું તૈયાર જ છે.

પછી પાંચે જણ જમવા બેસી જતાં. જમતાં જમતાં પણ એમની વાતો તો ચાલતી જ રહેતી. જમ્યા પછી ટી.વી. પર કોઈ સારો કાર્યક્રમ હોય તો એ જોવા બધાં ગોઠવાઈ જતાં અથવા પ્રોજેક્ટર ચાલુ કરીને એના પર ફિલ્મ જોતાં.

લગભગ રોજનો આ નિયમ હતો. વાતો, હસી-મજાક એ જ એમનું જીવન હતું જાણે ને અંબાલાલની દુકાનની આવક માતબર હતી, દુબાઈ ને થાઈલેન્ડ ને મલેશિયા પણ એમની મીઠાઈઓ જતી, એટલે પૈસાની રેલમછેલ હતી. જો કે પાંચેમાંથી કોઈનાય મોં પર પૈસાના લીધે ગર્વ નહોતો દેખાતો. એક સવારે બારેક વાગ્યે અંબે સ્વીટસ પર એક યુવતી ખરીદી કરવા આવી. એણે મીઠાઈ ખરીદી અને પેકેટ લઈને એ દુકાનની બહાર નીકળી એ સાથે જ રમેશનું ધ્યાન ગયું કે, પેલી છોકરીએ તો બીજું જ પેકેટ ભૂલથી લઈ લીધું છે!

"ઓ મેડમ...મેડમ.." રમેશે દુકાનની બહાર જઈને આગળ જતી પેલી યુવતીને બૂમ પાડી.

પેલી યુવતીએ અવાજ સાંભળીને પાછળ જોયું. મીઠાઈની દુકાનના માલિકને એ ઓળખતી હતી એટલે એ ઊભી રહી અને રમેશે એની પાસે જઈને પેકેટવાળો હાથ લંબાવ્યો.

"મિસ.." રમેશે કહ્યું, "તમે ભૂલથી તમારા પેકેટના બદલે બીજી મીઠાઈનું પેકેટ લઈને નીકળી ગયાં છો, લો, આ તમારું પેકેટ અને પેલું પેકેટ મને પાછું આપો, નહીં તો એ ગ્રાહક મને મારશે!''

"સોરી," કહીને પેલી યુવતી હસી પડી. એ હસી એ વખતે રમેશનું ધ્યાન ગયું - એના ગાલ પર સરસ ખંજન પડતા હતા! એની કામણગારી લટ પણ હવામાં લહેરાતી હતી!

"મારું નામ નેહા," પેલી યુવતીએ કહ્યું, "હું ઘણી વાર તમારી દુકાને મીઠાઈ લેવા આવું છું.''

"સોરી," રમેશ બોલ્યો, "મારું ધ્યાન આજે જ ગયું.''

"તમારું ધ્યાન તો પૈસા ગણવામાં હોય," નેહા બોલી, ''પછી અમારી તરફ ક્યાંથી જાય?''

એ વખતે તો માત્ર વાતનો ફણગો જ ફૂટ્યો પણ રમેશના હૈયામાં એ ફણગો કૂદાકૂદ કરતો હતો છોડ બનીને અવતરવા માટે. એ દુકાને આવ્યો ને ગલ્લો સંભાળી લીધો પણ એનું ધ્યાન આજે ગલ્લા પર નહોતું, ગાલોના ખંજન પર હતું.

સાંજના ઘેર આવ્યો ત્યારે પણ એની એ જ હાલત હતી. બીજાનું તો ધ્યાન ન ગયું પણ સ્મિતા ચતુર હતી. એણે પારખી લીધું કે કોઈની નજરની થ્રી નોટ થ્રીની ગોળી રમેશભાઈના હૈયાને ઘાયલ કરી ગઈ છે.




રમેશ જમ્યા પછી એની રૂમમાં ગયો એટલે તરત જ સ્મિતા એની પાછળ ગઈ.

"રમેશભાઈ," સ્મિતાએ એને ધબ્બો મારીને પૂછ્યું, "શું નામ છે એનું?''

"કોની વાત કરો છો ભાભી?'' રમેશે પૂછ્યું, "કંઈક સમજાય એવી વાત કરો તો મને સમજાય."

"આજે કોની સાથે તમારી મુલાકાત થઈ?'' સ્મિતાએ પૂછ્યું, "કોને જોઈને તમે ઘાયલ થઈ ગયા?''

"તમે, ભાભી, બહુ ચાલાક છો," રમેશ હસ્યો, "એક છોકરી હતી, એના ગાલે ખંજન પડતા હતા. દુકાને મીઠાઈ લેવા આવી હતી. એણે પોતાનું નામ નેહા કહ્યું પણ એ ક્યાં રહે છે, ક્યાં ભણે છે એ કહ્યું નથી. મને એ કોઈ કોલેજમાં ભણતી હોય એવું લાગ્યું. તમે તપાસ કરશો? એના ગાલે ખંજન પડે છે ને એની લટ લહેરાય છે જાણે સાવનની ઘટા...."

"અરે કવિરાજ," સ્મિતા હસી, "હું કાલથી જ બધી કોલેજોમાં તપાસ કરીશ ને એ છોકરીને શોધીને જ જંપીશ."

બે દિવસ સુધી સ્મિતાએ તપાસ કરી પણ નેહા એને ન દેખાઈ. અંતે, ત્રીજા દિવસે દિનેશની ગાડી લઈને રમેશ સ્મિતાભાભીને લઈને નીકળ્યો નેહાને શોધવા! અચાનક કોલેજ ઓફ ફાઈન આર્ટસના ગેટ પાસે એણે નેહાને જોઈ અને એણે સજ્જડ બ્રેક મારી.

"ભાભી," રમેશે ગેટ તરફ આંગળી ચીંધીને કહ્યું, "જુઓ, પેલી રહી એ. એને બોલાવી લો."

સ્મિતાએ કાચ ખોલીને નેહાને ઈશારો કર્યો. નેહા નજીક આવી ને એ રમેશને ઓળખી ગઈ.

"આજે પણ પેકેટ બદલાયું છે?" નેહાએ હસીને કહ્યું અને એના ગાલ પરના ખંજન સ્મિતાની નજરમાં આવ્યા.

"નેહાબહેન," સ્મિતા બોલી, "ચાલો, તમને ઘેર મૂકી જઈએ.'' નેહા એક મિનિટ વિચારમાં પડી. એણે રિક્ષાવાળાને કહ્યું હતું પણ હજી એ આવ્યો નહોતો. બીજી જ મિનિટે એણે સ્મિતા સામે જોયું. "સારું ભાભી," નેહા બોલી, "મારો રિક્ષાવાળો આવ્યો નથી એટલે તમારી સાથે જ આવું છું. મારું ઘર આનંદસાગર ગર્લ્સ હોસ્ટેલની બાજુમાં જ છે."

એ પાછલો દરવાજો ખોલીને બેસી ગઈ ને રમેશે ગાડી સ્ટાર્ટ કરી. "તમે શું કરો છો?" સ્મિતાએ પૂછ્યું.

"હું ફાઈન આર્ટસમાં ગ્રેજ્યુએશન કરું છું," નેહા બોલી, "બસ, છેલ્લા બે મહિના જ બાકી છે."

"અને તમારાં મમ્મી-પપ્પા?' સ્મિતાએ પૂછ્યું.

"મમ્મી ઘરકામ કરે છે," નેહા બોલી, "ને પપ્પા રિટાયર્ડ કર્નલ છે." "વાહ," રમેશ બોલ્યો, "સરસ." એટલી વારમાં તે નેહાનું ઘર આવી ગયું. રમેશે ગાડી ઊભી રાખી ને નેહા નીચે ઊતરી. "ક્યારેક આવતા રહેવું અહીં," નેહા બોલી, "મને મઝા આવશે." "ચોક્કસ," કહીને રમેશે ગાડી સ્ટાર્ટ કરી. રમેશે ગાડી ઘર તરફના રસ્તે લીધી ને સ્મિતાએ એના ખભે ધબ્બો માર્યો. "શું વાત છે દિયરજી," સ્મિતા બોલી, "કેટલી સરસ છોકરી છે નેહા. હવે તમે કાલે જ એના ઘેર મીઠાઈ લઈને કશુંક બહાનું કાઢીને જજો, પછી હું ઘરનાને વાત કરીશ ને તમારું ફાઈનલ કરાવીને જ હું જંપીશ."

**મને એકાંત ગમે છે ને બધા ધમાધમ કરે છે. તને મારા માટે આર્ટ સ્ટુડિયો બનાવવાનું કહેલું એ પણ ન થયો ! અહીં આવ્યા પછી પણ ફોનાફોની ચાલુ જ છે**

બીજા દિવસે અંબાલાલ બપોરે જમવા ગયા, એ વખતે રમેશ જામફળનો તાજો જ બનાવેલો હલવો એક પેકેટમાં લઈને એની બાઈક લઈને નેહાના ઘેર પહોંચ્યો.

નેહાએ એને આવકાર્યો. નેહાની મમ્મી પણ બેઠકરૂમમાં આવી.

"આજે અમે એક નવી મીઠાઈ લોંચ કરી છે," રમેશે કહ્યું, "ગ્વાવા, એટલે કે જામફળનો હલવો. એનું પહેલું જ પેકેટ તમને આપવા આવ્યો છું."

"અરે વાહ," પેકેટ હાથમાં લેતાં નેહા બોલી, "મારી મમ્મી માટે હું અવારનવાર તમારી દુકાનેથી ડ્રાયફ્રૂટ હલવો લઈ જાઉં છું."

એટલી વારમાં તો કર્નલ પણ આવી ગયા. એમણે રમેશ સામે જોયું ને પછી ઉપરના માળે ગયા.

"હું જાઉં હવે," રમેશ બોલ્યો, " મારા પપ્પા પણ દુકાને આવતા જ હશે. દુકાન રેઢી મૂકીને આવ્યો છું. તમે પણ કાલે આવો મારા ઘેર, મારા સ્મિતાભાભી સાથે તમને ગમશે."

એ જ દિવસે સ્મિતાએ અંબાલાલને, દિનેશને ને છાયાબહેનને નેહા વિષે વાત કરી. રમેશની પસંદગી પણ સરસ છે એમ કહ્યું. "કાલે એ આપણા ઘેર આવવાની છે," રમેશ બોલ્યો, 'કાલે તમે બધાં જોઈ લો એને, પછી આગળ વાત." અને બીજા દિવસે નેહાને પોતાના ઘરમાં જોઈને બધાં ખુશ થઈ ગયાં. સ્મિતાને પોતાની મહેનત લેખે લાગી હોય એવું લાગ્યું. બીજા જ દિવસે અંબાલાલ, છાયાબહેન, દિનેશ ને સ્મિતા રમેશને લઈને નેહાના ઘેર ગયા ને કર્નલ આગળ સીધી જ નેહાના હાથની માગણી કરી! કર્નલ ને એમનાં પત્નીએ બે મિનિટ વિચાર કરીને હા પાડી દીધી પણ લગ્ન નેહાનું ગ્રેજ્યુએશન પૂરું થાય પછી કરવાનું કહ્યું. સમય પસાર થતો ગયો ને નેહાનું ગ્રેજ્યુએશન પત્યા પછી લગ્ન પણ થઈ ગયા! લગ્ન પછી આવે હનીમૂન ટ્રીપ. એના માટે રમેશે ને સ્મિતાએ દુબાઈનો વિચાર કર્યો પણ નેહાએ કુર્ગનો આગ્રહ રાખ્યો. એના કારણમાં એની ચિત્રકલા ત્યાં કામ આવશે એવું એણે કહ્યું. બન્ને કુર્ગ ગયાં. ત્યાં સાત દિવસ નેહાએ ઘણાં ચિત્રો બનાવ્યાં. "વાહ નેહા," રમેશ બોલ્યો, "તું બહુ સરસ ચિત્રો બનાવે છે."

"અરે," નેહા બોલી, "તું મને આર્ટ સ્ટુડિયો બનાવી દે, પછી જો મારી ચિત્રકલા! તું તાજ્જુબ થઈ જઈશ. મને બસ, એકાંતમાં ચિત્રો દોરવા ગમે છે." સાત દિવસ પછી કુર્ગથી બેંગ્લોર ને મૈસુર ફરીને બન્ને પાછાં આવ્યાં. નેહા પોતાના રૂમમાં ચિત્રોમાં ગુંથાઈ ગઈ ને રમેશ દુકાન સંભાળવામાં પરોવાઈ ગયો. આખો દિવસ સ્મિતા નેહા જોડે વાતો કર્યા કરતી, સાંજના બધાં ટી.વી. કે પ્રોજેક્ટર ચાલુ કરીને બેસતા - આ બધું નેહાને ગમતું નહોતું. સાત- આઠ મહિનામાં તો એ ધરાઈ ગઈ. એને લાગ્યું કે, પોતે આ રીતે આવી ધમાલમાં નહીં રહી શકે. એણે નિર્ણય કરી લીધો કે પોતાના પિયર ચાલ્યા જવું.

એણે બીજા દિવસે રમેશને પિયર જવાની વાત કરી અને રમેશ એને પિયર મૂકી આવ્યો.

"જલ્દી પાછી આવજે," કહીને રમેશ ઘેર આવવા નીકળ્યો. "દીકરી," નેહાની મમ્મીએ પૂછ્યું, "તું કેમ ઉદાસ લાગે છે?" "મમ્મી," નેહા બોલી, "ત્યાં બધા એટલી બધી ધમાલ કરે છે કે, હું સહન નથી કરી શકતી. હું ત્યાં નથી જવાની." "ગાંડી," નેહાની મમ્મી બોલી, "એ બધું થોડા સમયમાં કોઠે પડી જાય. બધાં સારા માણસો છે. તું થોડા દિવસ વિચાર." એ પછી તો રોજ સ્મિતાભાભીના ફોન આવતા, રમેશ પણ એને મળવા આવતો, છાયાબહેનના ફોન પણ આવતા ને અંબાલાલભાઈ પણ ફોન કરતા. "ક્યારે આવવું છે?" એક દિવસ રમેશે નેહાને પૂછ્યું.

"શું આવું?" નેહા બોલી, "મને એકાંત ગમે છે ને બધા ધમાધમ કરે છે. તને મારા માટે આર્ટ સ્ટુડિયો બનાવવાનું કહેલું એ પણ ન થયો ! અહીં આવ્યા પછી પણ ફોનાફોની ચાલુ જ છે!'' રમેશ ગમ ખાઈ ગયો.

એ સાંજના બધાંએ નક્કી કર્યું - હવે નેહાને ફોન ન કરવા કે એને મળવા પણ રમેશે ન જવું. લગભગ વીસ દિવસ થયા. એ પછી નેહા રોજ ફોન જોતી - આજે કોઈનો ફોન આવ્યો છે? એને હવે લાગ્યું કે, ખરેખર બધાં હતાં તો મઝા પણ હતી.

એણે હવે જવા માટે મમ્મીને વાત કરી ને એમણે છાયાબહેનને વાત કરી. એ જ સાંજે રમેશ એને તેડવા આવ્યો. બધાંના ચહેરા પર પ્રસન્નતા લીંપાઈ ગઈ. "સવારે વહેલા ઊઠી જજે," રાત્રે સૂતી વખતે રમેશે કહ્યું, "કાલે હું તને સરસ ભેટ આપીશ. સાત વાગ્યે તૈયાર રહેજે." બીજા દિવસે સવારે સાત વાગ્યે રમેશ નેહાને લઈને નીકળ્યો. મેન બજારમાં એક શો રૂમ પાસે એણે ગાડી ઊભી રાખી ને નેહા આશ્ચર્ય પામી - છાયાબહેન, અંબાલાલભાઈ, દિનેશભાઈ, સ્મિતાભાભી, એની મમ્મી ને કર્નલ પપ્પા- બધાં જ શોરૂમ પાસે ઊભાં હતાં. "શો રૂમ પર બોર્ડ વાંચ,'' રમેશે કહ્યું ને નેહાએ શો રૂમ પરનું બોર્ડ વાંચ્યું- "નેહા આર્ટ સ્ટુડિયો" નેહા ત્યાં જ રમેશને ભેટી પડી. એમની આંખો સજળ બની.

કર્નલના હસ્તે સ્ટુડિયોનું ઉદઘાટન થયું. ભવ્ય સ્ટુડિયો જોઈને નેહા પણ તાજ્જુબ થઈ ગઈ. "બેટા," છાયાબહેન બોલ્યાં, "આ તારો સ્ટુડિયો.

હવે તને જે રીતે ઠીક લાગે એ રીતે જીવજે, અમે કોઈ તને કોઈ બંધનમાં નહીં બાંધીએ. તું માને એ તારા નિયમો, બસ?'' છાયાબહેનને ભેટતી વખતે નેહાની આંખનો આંસુ આડેનો બંધ તૂટી ગયો !

(શીર્ષકપંક્તિ હર્ષદ સોલંકી કથાબીજ : પન્ના પાઠક)